ગ્રે. ૨૨૧૫૯

સ.મ.મુ.ગાં.(એચ)-૧૧૫૯-૫૦૦-૩-૨૦૦૮

**તાત્કાલીક/ સમય મર્યાદા.**

ક્રમાંકઃ- વિ.૨/કમબ/૧૦૦૦૩/એમઓએસ-૨/ભાગ-૧.
ગૃહ વિભાગ,ગુજરાત સરકાર,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ-૧/૪ /૨૦૦૮

પ્રતિ,
પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી.(ક્રાઈમ અને રેલ્વે.) ગુજરાત રાજ્ય ગાંધીનગર.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (આઈ.બી.) ગુજરાત રાજ્ય ગાંધીનગર.
પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત.
સર્વે રેન્જ આઈ.જી.પી.શ્રીઓ,
સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ.

**વિષયઃ-** ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ-૨૦૦૩ તથા ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય નિયમો-૨૦૦૮ અન્વયે કાર્યવાહી કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ-૨૦૦૩ તથા ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય નિયમો-૨૦૦૮નો રાજ્ય સરકારે તા.૧/૪/૨૦૦૮થી અમલ કરવાનો નિર્ણય લીધેલ છે. તદ્-અનુસાર આ બાબતે અધિનિયમ તથા નિયમો અલગ રીતે રવાના કરવામાં આવી રહેલ છે. પરંતુ આ નવો કાયદો હોઈ તે અંગેના અધિનિયમ અને નિયમોનો અમલ સુવ્યવસ્થિત રીતે થાય તે હેતુથી નીચે મુજબની કાર્યવાહી કરવા આપને જણાવવામાં આવે છે.

**૧. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને અરજી કરતાં અગાઉ આગોતરી મંજુરી તેમજ તે અંગેની કાર્યવાહી બાબત.**

(૧) ધર્મ પરિવર્તન અંગે એક ધર્મમાંથી બીજા ધર્મમાં પરિવર્તન કરવા માટે યોજાતા વ્યક્તિગત અને ધર્મગુરૂ તરીકે અથવા આવો સમારંભ યોજવા કે તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ લેતાં અગાઉ સામેલ **ફોર્મ એ** ના નિયત નમુનામાં અલગ અલગ અરજીઓ કરી સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને રૂબરુમાં કે રજીસ્ટર પોસ્ટ એડી થી જાણ કરી મંજુરી મેળવવાની રહેશે.

(૨) આવી **ફોર્મ એ** ના પેટા નિયમ (૧)માં મળેલ અરજી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ તૂર્તજ તે અંગે તારીખ, સમય અને સહી સાથેની નોંધ કરી નિયત નમુનામાં **ફોર્મ બી** મુજબ પહોંચ પાઠવવાની રહેશે.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અરજી મળ્યેથી પેટા નિયમ (૧)ના નિયમ-૩ હેઠળ અરજી મળ્યાની તારીખથી એક મહીનાની મુદતની અંદર, જો જરુરી જણાય તો તપાસ કરી મંજુરી આપશે કે નામંજુર કરશે અને આવી અરજીના નામંજૂર થવાના કારણો નોંધશે અને એક મહીનાની અંદર અરજદારને તેની જાણ કરશે. એક મહીનાની મુદત પૂરી થયેથી કોઈપણ નિર્ણયની જાણ અરજદારને નહીં કરવામાં આવે તો એવી અરજી આપોઆપ મંજુર થયેલ છે તેમ ગણવામાં આવશે.

(૪) જો પેટા નિયમ-(૨) હેઠળ સદરહુ અરજી નામંજૂર કરવામાં આવી હોય અને અરજદારને સમયસર તેની જાણ કરવામાં આવી હોય અથવા પ્રસ્તુત નિયમોના નિયમ-૩ હેઠળની જોગવાઈ અનુસાર પેટા નિયમ (૧)નો ભંગ કરે એટલે કે કોઈ અરજીના કરે અને ધર્માંતર કરે, કરાવે તો તે સજા પાત્ર ગુના અન્વયે પ્રોસીક્યુશનને પાત્ર રહેશે અને આ અધિનિયમની કલમ-૪ હેઠળ સજાને પાત્ર રહેશે. તેથી એવા કિસ્સામાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સજા કરવાની પ્રક્રિયા નિયમ મુજબ હાથ ધરશે.

(૫) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પોલીસ ઈન્સ્પેકટરશ્રી અથવા તેનાથી ઉચ્ચ દરજ્જાના અધિકારીને આ અંગેની તપાસ સોંપી શકશે અને અધિનિયમના ભંગ બદલ આરોપીઓને સજા કરવા (Prosecute) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીથી ઉતરતી કક્ષાના ન હોય તેવી કક્ષાના અધિકારીને અધિકૃત કરી શકશે.

૨. જિલ્લા મેજસ્ટ્રેટશ્રીને જાણ કરવી.

(૧) જે વ્યકિત ધર્મ પરિવર્તન કરે તે અંગેની જાણ જાતે, તેના વાલી અથવા તો તે વ્યકિતના મા-બાપે સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને નિયત નમૂના **ફોર્મ સી માં ધર્માંતરનાં** દશ દિવસમાં રૂબરુમાં અથવા રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી કરવાની રહેશે.

(૨) આવી જાણ થયેથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ તેના પર સહી કરી, તારીખ અને સમય દર્શાવી નિયત નમૂના **ફોર્મ-ડી** મુજબ પહોંચ પાઠવવાની રહેશે.

(૩) નિયમ-૫ હેઠળની જોગવાઈ અન્વયે જો કોઈ ભંગ કરશે એટલે કે ધર્માંતરની જાણ ના કરે તો અધિનિયમની કલમ-૫ હેઠળ સજાને પાત્ર બનશે. આ અંગે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એવા નિયમોના ભંગ બદલ અપરાધીને સજા કરવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીથી ઉતરતી કક્ષાના ના હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરશે.

૩. **રજીસ્ટરની નિભાવણી અને રાજય સરકારને ત્રિમાસિક અહેવાલ મોકલવા અંગે.**

(૧) દરેક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ નિયત નમૂના **ફોર્મ ઈ** માં દર્શાવ્યા પ્રમાણેના રજીસ્ટરની નિભાવણી કરવાની રહેશે.

(૨) દરેક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અંગેનો ત્રિમાસિક અહેવાલ નિયત નમૂના **ફોર્મ એફ** માં રાજય સરકારશ્રીના ગૃહ વિભાગને મોકલવાના રહેશે.

ઉપરોકત માર્ગદર્શન દાખલારૂપ છે અને સંપૂર્ણ નથી. આ અધિનિયમ તથા નિયમોનો તા.૧/૪/૨૦૦૮થી ચુસ્તપણે અમલ થાય અને તે બાબતે અધિનિયમ અને નિયમોમાં દર્શાવેલ જોગવાઈઓ અનુસાર નિયમ મુજબ કાર્યવાહી થાય તેવી આપને સુચના આપવામાં આવે છે. આ તમામ કાર્યપધ્ધતિ અને કાર્યવાહી સબંધકર્તા સૌને જાણ કરવા આથી જણાવવામાં આવે છે. પ્રસ્તુત પત્રની પહોંચ પાઠવવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**પી. એન. પટેલ,**
અધિક સચિવશ્રી(કા.વ્ય.)
ગૃહ વિભાગ.

**નકલ સાદર રવાના જાણ માટે:-**

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રાજયકક્ષાના મંત્રીશ્રી,(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સીલેકટ ફાઈલ.

---